# જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી - સુરત.

બ્લૉક-એ, ભોંયતળિયું, જિલ્લા સેવા સદન -૨, અઠવાલાઇન્સ, સુરત. ૩૯૫૦૦૧.

ફોન નંબર : ૦૨૬૧-૨૬૫૧૪૬૭

---

ક્રમાંક : સસુઅ/સુરત/શિષ્યવૃતિ/ ૬૮૮/આ૧૭૨ / ૨૦૧૬-૧૭ તા. ૧૪-૦૭-૨૦૧૬

પ્રતિ

૧) રજીસ્ટારશ્રી,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી
સુરત

૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત

૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી
સુરત

૪) શાસનાધિકારીશ્રી,
નગર પ્રા.શિક્ષણ સમિતિ,
સુરત

<u>વિષય: વર્ષ ૨૦૧૬-૧૭ માટે દિવ્યાંગ(વિકલાંગ) શિષ્યવૃતિ ફોર્મ મોકલી આપવા બાબત</u>

ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનું કે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સમાજ સુરક્ષા ખાતા દ્વારા આર્થિક રીતે નબળા વાલીઓના વિકલાંગ બાળકોને શિક્ષણ આપવાના હેતુ સબબ -શૈક્ષણિક સાધનો ખરીદ કરવા તથા શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવા સારું અને શિક્ષણ ખર્ચમાં કેટલેક અંશે હળવાસ ઉભીકરવા વિકલાંગ વિદ્યાર્થીઓને વિકલાંગ શિષ્યવૃતિ આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭ માટેની શિષ્યવૃતી માટે નવા અને રીન્યુઅલ ફોર્મ અત્રેની કચેરીએથી મેળવી લેવા. હાલ DBT અંતર્ગત દરેક દિવ્યાંગ બાળકોની શિષ્યવૃતિ સીધા તેમના બેંક ખાતામાં જમા થશે. આથી શિષ્યવૃતિના ફોર્મની સાથી નીચે મુજબના ડોક્યુમેન્ટ જોડવાના રહેશે. આ યોજના આપના તાબા હેઠળની તમામ શાળાઓમાં/કોલેજોમાં આપની વેબસાઇટ મારફત પ્રચાર-પસાર કરાવી અભ્યાસ કરતા તમામ વિકલાંગ(દિવ્યાગ) વિદ્યાર્થીઓને શિષ્યવૃતીનો લાભ મેળવે તેવો સહકાર આપશો.

ફોર્મની સાથે જરૂરી જોડવાના પ્રમાણપત્રો:-

૧) વિકલાંગતાનું પ્રમાણપત્ર

૨) છેલ્લી પરીક્ષા પાસ કર્યાના પરીણામની નકલ

**E: Drive Letter 2016-17**

૩) બાળકના બેંક પાસબુકની નકલ

૪) બાળકના આધારકાર્ડની નકલ

૫) જન્મના પુરાવાની નકલ

૬) રેશન કાર્ડ/બી.પી.એલ કાર્ડની નકલ

ઉપરોક્ત ડોક્યુમેન્ટ સાથે તા: ૧૫/૦૮/૨૦૧૬ સુધીમાં ફોર્મ સંપુર્ણ વિગતો શાળાના/કોલેજના લેટરપેડ સાથે મોકલાવી આપશો.

બિડાણ :- શિષ્યવૃત્તિ ફોર્મની નકલ

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી

સુરત

સવિનય નકલ રવાના:-

૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગુ.રા ગાંધીનગરને જાણ સારૂ.

૨) કલેકટરશ્રી, સુરત

**E: Drive Letter 2016-17**

તુષાર એમ. ધોળકિયા, આઈ.એ.એસ.
નિયામક

નિયામક, સમાજ સુરક્ષા ખાતુ
બ્લોક નં. ૧૬,ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ફોન નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૯
ફેક્સ નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૮
ઈ – મેઈલ : dir-sd@gujarat.gov.in

ન.અપગ/વિક. શિષ્યવૃતિ/૧૫-૧૬/૩૭૦૬,  તા.૨૯-૩-૨૦૧૬.

પ રિ પ ત્રઃ

ટોચ અગ્રતા.

પ્રતિ,
- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ,
  તમામ.

વિષયઃ વિકલાંગ શિષ્યવૃતિની માહિતી મોકલી આપવા બાબત.

આથી સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જણાવવાનું કે આ ખાતા હેઠળ વિકલાંગોને શિષ્યવૃતિની યોજના ગુજરાત સરકાર, શિક્ષણ અને મજુર ખાતું, સચિવાલય, અમદાવાદ ના ઠરાવ ન. ઇ.ડી.ડી.૧૨૩૪-૪૭૬૩૨-છ, તા. ૯-૭-૧૯૬૫ થી અમલમાં છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૫/૭૬૬૩૭૫/છ-૧, તા. ૧૧-૧૨-૨૦૧૫ થી વાર્ષિક આવક મર્યાદાની શરત રદ કરી વિકલાંગોની સ્વૈચ્છિક સંસ્થાઓમાં (ગ્રાન્ટ ઇન એઇડ) અભ્યાસ કરતા વિકલાંગોને શિષ્યવૃતિ આપવા ઠરાવવામાં આવેલ છે.આ બાબતની જાહેરાત વર્તમાન પત્રોમાં પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

આથી આપના જિલ્લામાં આવેલ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને શિષ્યવૃતિ યોજનાનો લાભ આપવામાં આવેલ હોય તે તમામ લાભાર્થીઓનો ડેટા ડીજીટલાઇઝડ કરી ભારત સરકારના "e-scholarship" portel સાથે link કરવાનો હોય આ સાથેના પત્રકમાં માહિતી હાર્ડ કોપી તથા સોફ્ટ કોપીમાં દિન-3 માં મોકલી આપવા જણાવવામાં આવે છે.

27/03
નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુ.રા., ગાંધીનગર.

બિડાણઃ પત્રક.

2513 2513
2513

D:\PH_File\A4_Letter.doc- 2300 -

## વર્ષ ૨૦૧૫-૧૬ માં ચુકવવામાં આવેલ વિકલાંગ શિષ્યવૃતિની વિગત.

જિલ્લોઃ

| અ. નં. | લાભાર્થીનો યુઆઇડી નંબર | લાભાર્થીના વાલીનો (બેંક એકાઉન્ટ ધરાવનાર) યુઆઇડી નંબર | ઇલે. કાર્ડ નંબર | લાભાર્થીનું નામ | જાતિ (પુરુષ/ સ્ત્રી) | પિતાનું નામ | માતાનું નામ | જન્મ તારીખ | સરનામું | ગામ | તાલુકો | જિલ્લો / રાજ્ય | પીન કોડ નંબર | મોબાઇલ નંબર | ઇમેઇલ એડ્રેસ | બેંક/ પોસ્ટનું નામ | એકા. નંબર | શાખાનું નામ | IFSC કોડ નંબર | રેશન કાર્ડ નંબર | બીપીએલ ક્રમ નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |

D:PH_File_KADRI_A4_PATRAK_1